# નિવૃત્તિ નિવાસ

સરગમબહેનના અવસાન પ્રસંગે અપૂર્વ દેસાઈ હાજર ન હતા. તેમના પૌત્રના લગ્નમાં તેઓ અમદાવાદમાં હતા. ડૉ. વિનય પંડયાએ ફોન કરીને જાણ કરી... અને તેમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. શોભાએ પૂછયું "શું થયું ? લગ્ન ના પ્રસંગે આંસું ?" અપૂર્વ કહે : "ડૉ. વિનય પંડયા નો ફોન હતો. સરગમબહેનને હાર્ટ ઍટેક આવ્યો અને તેઓ મૃત્યુ પામ્યાં!" શોભા અપૂર્વને જોઈ રહી... તેને થયું કે : "અપૂર્વ, તું જેમ જેમ મોટો થાય છે, તેમ તેમ દ્રવતો જાય છે!" "શોભા, તને ખબર છે ને કે તારી સાથેના લગ્ન-સંસારનાં આટલાં વર્ષોમાં મેં કદી કહી નહોતી તેવી મનનાં અટલ ઊંડાણોમાં દબાયેલી સ્મૃતિને સંકોરી, સરગમબહેન જ જીવંત કરી શકતાં હતાં. તેઓ બહુજ ભલાં અને ઉમદા વ્યકિત હતાં." શોભાએ વક્ર નજરે જોઈને કહ્યું: "યાદ આવેજ, સારાં માણસો સૌને યાદ આવે... પણ અહીં પૌત્રને ઉઘલાવવાનો છે, તેના લગ્નમાં પોચકાં ન મૂકશો."

ઘરમાં શરણાઈ વાગવાની શરૂ થઈ, પણ, અપૂર્વને તેનો ઉત્સાહ ન હતો. તેનું મન તેને, ધીમે ધીમે સરગમબહેનની સાથે વાતો કરતાં કરતાં, કેટલી સહજતાથી, "પહેલી-પ્રીત" ની વાત, તેમણે કઢાવી હતી, તે સાંજની યાદ અપાવતું હતું........ એક દિવસ તે ગણગણતા હતા :

"મ્હારી જુવાનીએ દીઠું, એક સપનું ગુલાબી,
તે દીવાનીએ દીઠું, એક સપનું શરાબી!"

સરગમબહેને આ ગણગણાટને સાંભળીને, મલકાતાં મલકાતાં પૂછયું: "અપૂર્વ, કોણ છે તે દીવાની ?" ત્યારે ચમકવાનો વારો અપૂર્વનો હતો....શોભાએ તો આ લવારા કંઈ કેટલીએ વાર સાંભળ્યા હશે!..... પણ, કેટલાંક માણસોનેજ એ આવડત હોય કે દિલની વાત બહુજ સહજ રીતે સમજી જાય!... અને સંકોચ દૂર કરાવી, તમારા મનને, એવી રીતે ઝણકારે કે નાનકડી છોકરીની ધીમી દોડથી ઝણઝણતી નાની ઝાંઝરિયો! "સરગમબહેન! તમે પણ! હું તો શોભા સાથેની મારી જુવાનીની વાતો ગણગણું છું!" સરગમબહેનની આંખોમાં એઓ આ કથન સ્વીકારવા તૈયાર નથી તેવું સ્પષ્ટ દેખાતાં અપૂર્વએ ફેરવી તોળ્યું! ... "આ તો ૧૯૩૯ ની મારી પહેલી શાયરી છે!" સરગમબહેન કહે : "હા, એ તમારી પહેલી શાયરી જરૂર છે...... પણ, તેમાં કોઈ 'પ્રથમ-પ્રીતની' ભીની મહેક મહેકે છે. પહેલી-પ્રીત અને દબાયેલ ઝાંઝર રણકયા વિના રહેજ નહીં!" અપૂર્વ આંખોથી કહી ગયો, કે, "હા, તમારી વાત સાચી છે. પહેલી પ્રીતનું સ્મરણ આજે ૭૫ વર્ષે પણ એવુંજ અકબંધ છે. ૧૯૩૯ ની વાત ૧૯૯૬ માં કરવી મને ગમે છે! શોભા તો મારી જિંદગીમાં પત્ની તરીકે ૧૯૪૧ માં આવી,પણ આ વાત તો ૧૯૩૪ થી ૧૯૩૯ ની છે! ત્યારે સમાજમાં સંકૂચિતતા ઘણી હતી. સ્ત્રી-પુરૂષોનાં સંબંધોનાં ગણિત ઘણાં જુદાં હતા....છતાં, તેવા વાતાવરણમાં પણ,

આ બાબત સરજાઈ અને આજ સુધીય સંઘરાઈને પડી છે.” અપૂર્વે શરૂઆત કરતાં કહ્યું: “તેનું નામ મેં કલ્પના પાડયું હતું, કારણકે તેને જોતાંજ મને કવિતા સ્ફૂરતી! એક દિવસ તેણે મને જોઈને કહ્યું:

“ તેરે બાંકે બાંકે બાલ,
તેરા ખૂબ ચમકતા ભાલ,
તેરે લાલ ગુલાબી ગાલ,
તેરી હીરો જૈસી ચાલ !
હાયે ! અપૂર્વ !
તેરા ક્યા કહના ?”

જોકે, આજે જો તે મને જુએ તો એટલું કહે :

“તેરે ઉખડે ઉખડે બાલ,
તેરી ચીપડી ચૂપડી ખાલ,
તેરે બૈઠ ગયે જો ગાલ,
મામા શકૂનિ જૈસી ચાલ !
હાયે ! ભૂતપૂર્વ ! તેરા ક્યા કહેના ?”

સરગમબહેન છૂટ્ટા મોંએ હસી પડયાં ! અને ત્યાંજ શોભા દાખલ થઈ. “કેમ, શું ગપસપ ચાલે છે ?” સરગમબહેન કહે : “જુઓ ને, આ અપૂર્વ, ચાર્લી ચેપલીનની ગુજરાતી નકલો કરે છે !” શોભા અપૂર્વ ને જોઈ રહી. તેતો સાવ સીધો, સાદો, ભોળો, ભાળો... આંખો નીચે ઢાળીને બેઠો હતો. ખેર ! અપૂર્વ શોભાને જોઈને બોલ્યો : “શોભા, આ સરગમબહેનની ડાગળી ખસી ગઈ છે ! ચાલ, આપણે આપણા રૂમમાં જઈએ.”

*   *   *   *   *   *   *   *   *   *   *   *

અપૂર્વ અને શોભા ૫૪ વર્ષના લાંબા દાંપત્ય જીવનનું રૂડું જોડું હતું. પાંચ પુત્રો, પાંચ પુત્ર વધૂઓ... અંગ્રેજીમાં Daughter-in-law માંથી in-law શબ્દને out-law બહારવટિયો ગણીને દેશનિકાલ કર્યો તેથી તે રહી માત્ર Daughter કે દીકરી, જે પોતાનાં માવતર તથા શ્વસૂરપક્ષે વડીલોનું માન-સન્માન કરી, આનંદોલ્લાસ રેલાવી, તેમના દી ઉજળા કરે તેવી દીકરીઓ. તેમની પાંચ પૌત્રીઓ, પાંચ પૌત્રો, બે પૌત્રવધૂઓ અને એક જમાઈ (પૌત્રીનો વર), એમ બધાંને ‘સ્નેહકુંજ સોસાયટી’ માં સ્નેહસેતુથી બાંધી રાખતાં અને ઈશ્વરની કૃપા ગણી, નિયમિત રીતે માસિક ઘર-સભાઓ ચલાવતાં રહેતાં : આમ ૮ ઘર તથા દરેક ઘરનો ૩૫ વ્યકિતઓ સાથેનો ભોજન તથા ભજનનો સમન્વય... પ્રત્યેક કુટુંબ એક

આઈટમ ૩૫ જણાંને ચાલે તેટલી બનાવી લાવે... પૉટ-લક પાર્ટી! ક્યારેય કોઈને ભારે ના પડે...અને હસતાં ખેલતાં, દરેક કુટુંબનાં સુખો દુ:ખો વહેંચાય... એમ જીવન વ્યતિત થાય. લગ્ન જેવા વરા વેળા તો ૩૫ જણનાં દસ મહેમાનો એટલે ૩૫૦ જણાં તો વધારાનાં હોય! આવા મોટા ટોળામાં અપૂર્વ ક્યારેક પ્રભુને અને મોટે ભાગે શોભાનેજ જશ આપતો અને તાનમાં તથા સૂરમાં ગાતો:

"ઓ સ્વાર્પણને કરનારી, તારાં સ્વાર્પણનો કોઈ પાર નથી!
મુજ અવગુણ નિભાવનારી, તારી સુઝ-સમજનો પાર નથી!"

લગ્ન પછી તન, મન, ધન સંપૂર્ણપણે સોંપનાર શોભાનાં વલણ-વર્તનથી અપૂર્વ તો સંતુલિત અને સન્માનિત હતો...પણ ક્યારેક ૧૯૩૯ ની "પ્રથમ - પ્રીત" યાદ આવી જતી!

* * * * * * * * * * * *

અપૂર્વ કલ્પના - પ્રવાહમાં તરતો હતો! તેની વિચાર-માળાના મણકા એક પછી એક આગળ વધતાજ રહ્યા:

"સંબંધનાં બંધન થકી તે ધન્ય, જે બંધાય છે,
સંબંધ કેરા બંધથી, જળ પ્રેમનું રોકાય છે!
પ્રેમમાં તરવું સરળ, પણ ડૂબવું અઘરૂં ઘણું,
જે પ્રેમમાં ડૂબી જતો, તે 'ભાગવંત' મુજને ગણું!"

૧૯૩૫ ની સાલમાં કલ્પના વૅટરનરી કવાર્ટર્સમાં આવી, ત્યાં સુધી મારે કોઈ કંપની ન હતી. હું ૧૫ નો અને કલ્પના ૧૩ ની... અને તે સમયમાં છોકરીની સાથે રમવું તો શું, તેની સ્હામે જોવું તે પણ સામાજિક ગુનો ગણાતો. જો કે, હું તેમાં અપવાદ હતો, કારણ કે 'અપૂર્વ' હતો અને તે પણ કાંઈ કમ નહોતી! અને તેથીજ અમારો રમત-ગમત-ભણત-ભમત નો સોહામણો સંગાથ શરૂ થયો. એ ભણવામાં હોશિયાર પણ નિશાળમાંથી મળેલ ઘરકામ પૂરૂં કરાવવા સવારે ૮ થી ૯ મારી પાસે ભણવા આવે. હું આમ તો ઠોઠ નિશાળિયો પણ બે વર્ષ પહેલાં ભણેલું તે ભણવા આવે ત્યારે મનમાનેલ મિતનો સહવાસ મ્હારી અંદરના માંહ્યલાને જગાડી ગયો! રહેણી કરણી, વેશભૂષા અને વિચારો તથા વાણી, નિયમિત અને વ્યવસ્થિત થવા લાગ્યાં. જવાબદારીનો અહેસાસ જાગ્યો....... અને થયું કે ખૈર, કોઈને માટે પણ મ્હારે સજવું, સંવરવું જોઈએ, તેથી કપડાંને કોલસા ઇસ્ત્રી પણ થવા માંડી!

સવારની પ્રભાતફેરી પાંચ વાગે શરૂ થાય, તેમાં ચાલવા જવાનું નકકી કર્યું, અને કલ્પના પણ બરાબર પાંચના ટકોરે આવી ગઈ. સવારની છ ની પાળીમાં જનારા મજૂરો અને દૂધવાળાઓ તથા છૂટા છવાયા પુરૂષો જતા દેખાતા. પ્રેમદરવાજા બહાર શાહીબાગ તરફ જવાના ડામરના રસ્તે હું તેજ જોગીંગ કરતો

હતો, પણ આજે તો સુંવાળો સંગાથ હતો તેથી ઝડપ માપસરની હતી. રસ્તામાં એક મરઘી દોડતી અમારી સામે કયાંકથી આવી ચઢી! ડરીને કલ્પનાએ મ્હારો હાથ પકડયો, તે ઠેઠ પાછા ઘેર પહોંચ્યાં ત્યાં સુધી ન છોડયો!... મને તે ગમ્યું.

પણ ઘરે પહોંચતાંજ દૂર્ગાકાકીની ચકોર નજરે તે નોંધી લીધું અને મ્હને ધ્રાસ્કો પડયો... આજે આવી બનવાનું... પણ બીજા દિવસે પાંચને ટકોરે અમે બન્ને ચાલવા નીકળીજ ગયાં...અને સતર્ક કલ્પનાએ પ્રેમદરવાજા બહારથીજ મ્હારો હાથ પકડયો અને પાછાં વળતાં, પ્રેમદરવાજા બહારજ છોડયો! ઘરમાં દાખલ થતી વખતે તો એક હાથનું અંતર અને ડાહી, ડમરી, ઠાવકી રીતે ચાલતી ઘરમાં ગઈ તે દૂર્ગા કાકીનેય ગમ્યું...

જયાકુમારી કલ્પના કરતાં બે વર્ષ મોટી, પણ થોડી આળસુ તેથી સવારની પ્રભાતફેરી વેળા તો તે ઊંઘતી હોય, પણ જ્યારે દિવસ ચઢે ત્યારે સાથે હોય..... ઘરના બાગમાં ચંપાનું વૃક્ષ, સારૂં એવું મોટું. કોઈ કે કહ્યું છે તેમ;

‘ચંપા તુજમેં તીન ગુન, રૂપ, રંગ અરૂ બાસ,
એક અવગુણ ઐસો ભયો, ભમર ન આવત પાસ!’

પણ ચંપો હોય ત્યાં નાગ તો આવેજ...આ ચંપાના વૃક્ષ પર ચઢી ને સ્હામસ્હામી ડાળીઓ પર બેસીને ગામગપાટા મારવાનો અમારો નિત્યક્રમ. તે દિવસે તો જ્યાકુમારી પણ ટકોર કરી ગઈ, કે, ઝાડ પરથી ગબડી ના પડો તેનું ધ્યાન રાખજો.... હવે, વાતો કરતાં કરતાં મ્હારી નજરે કલ્પનાના માથાની ઉપરના પુષ્પ-ગુચ્છમાં ગૂંચળું વળીને પડેલ સાત આઠ ફીટ લાંબો કાળો ભમ્મર નાગ દેખાયો!... અને પરાવર્તિક ક્રિયાવશ મેં તેને મ્હારા તરફ ખેંચી અને તે આખીજ મ્હારી પાસે આવી ગઈ, પણ વજન વધી જતાં, ડાળી ઝૂકી અને મેં બેલેન્સ ગૂમાવ્યું...અમે બન્ને સડસડાટ નીચે પડયાં. કલ્પનાએ ચીસાચીસ કરવા માંડી પણ મ્હારૂં ધ્યાન નાગ પર... તે તો આ હલબલાટમાં નીચેજ ઊતરવા માંડયો. દૂર્ગાકાકી પણ કલ્પનાની ચીસો સાંભળી બહાર દોડી આવ્યાં, અને એટલા મોટા નાગને જોઈને હબકીને પડી ગયાં. છગુજી જે દવાખાના નો પગી હતો, તે લાકડી લઈને દોડતો આવ્યો અને દૂર ભાગતા નાગને લાકડીથી મારી નાંખ્યો.

કલ્પનાના બાપુજીને તો દૂર્ગાકાકીને મ્હારા ખોળામાં સૂતેલાં જોઈ નવાઈ લાગી, પણ કલ્પનાએ આખી વાત કહી કે અપૂર્વએ કેટલી બહાદૂરીથી તેણીને બચાવી... અને દૂર્ગાકાકી બેભાન થઈ ગયાં, તેની પણ વાત કહી. Smelling salt થી ભાનમાં આવ્યા બાદ, કાકી બોલ્યાં ‘અપૂર્વ, તું ના હોત તો કલ્પનાનું શું થાત?’ મેં તો મનમાંજ કહ્યુંઃ ‘હું જ ના હોત તો કલ્પનાય ચંપાના વૃક્ષ પર શાને હોત?’

* * * * * * * * * * * *

ઘરમાં મુહૂર્ત નજીક હતું. અમારા સૌથી મોટા પુત્ર આકાશના પહેલા દીકરાનો આજે વરઘોડો હતો. શોભા બેત્રણ વખત વિચાર-ચકડોળે ચઢેલા મ્હારા વલણને ઝણકારી ગઈ હતી. હું તૈયાર થઈને

નીચે આવ્યો ત્યારે પૌત્ર પોંખાતો હતો, અને ઘરના વાતાવરણમાં અજબની ચહલપહલ હતી. મોટા દીકરાને બે દીકરાજ હતા, તેથી તેનાથી ન્હાના દીકરાની દીકરી મોટાભાઈની સાથે લૂણ ઊતારવા જવાની હતી. સરસ ગુલાબી વસ્ત્રોમાં સજ્જ થઈ વાટકીમાં રૂપિયો અને સોપારી મૂકી ખખડાવતી જતી હતી.

શોભા મ્હારી બાજુમાં ઊભી ઊભી જોતી હતી અને મોંઘમ મલકતી હતી. 'અપૂર્વ, આપણો વેલો તો આગળ ચાલ્યો!' તેનું બોખલું મ્હોં જોઈને મને થયું: 'આ શોભા! જિંદગી આખી મ્હારી સાથે કાઢી...હજી પણ મનમાં પ્રભુની પૂજા કરતાં કૃષ્ણ કનૈયાને વિનંતી કરે છે: 'સોહાગ રાખીને મૃત્યુ દેજે...અને આવનારા સાતેય ભવ તેમની સાથે રાખજે'..... ત્યારે મનમાં ધીમી શૂળ ભોંકાય છે: "કેવા સંસ્કાર છે? જ્યાં પતિને પરમેશ્વર માનીને આખી જિંદગી દેવાઈ જાય છે!...અને આ 'બેવકૂફ મન' હજી ભૂતકાળની 'પહેલી-પ્રીત' ને વાગોળે છે!"

વરઘોડો નીકળવાની શરૂઆત થતાં પહેલાં, પૌત્ર પગે લાગવા આવ્યો, અને મુખમાંથી એજ સુંદર આશીર્વચનો નીકળ્યાં: "કલ્યાણ થાવ...ફૂલો, ફળો ને સુખેથી સંસારે સંચરો."

બેન્ડ વાજાં વાગતાં હતાં, દીકરાઓનો વસ્તાર- પૌત્રો અને પૌત્રીઓનો વસ્તાર-આગળ નીકળતો હતો; અને શોભા તથા મ્હને એક કારમાં બેસાડી વરઘોડાની પાછળ મૅરેજ હૉલ તરફ રવાના કર્યાં. આ લગ્નમાં નવનીત આવ્યો હતો. નવનીત તે કલ્પનાનો એક માત્ર દીકરો. તેને જોતાંજ પાછા વિચારો ગતિશીલ થયા.......

* * * * * * * * * * * *

જયકુમારી કહેતી હતી: "અપૂર્વ, નાગનો પ્રસંગ બન્યા પછી, હાટકેશ્વરની મૂર્તિ જોડે એક મૂર્તિ મૂકીને કલ્પના તમારી પણ પૂજા કરે છે!" અને ત્યારે ચમકવાનો વારો મ્હારો હતો, કારણકે ૧૧ વર્ષની વયે તો તેના વિવાહ મુંબઈના ઉમાકાન્ત સાથે થઇ ગયા હતા. તે ડૉકટરીના ત્રીજા વર્ષમાં હતો અને ઉંમરમાં ખાસો ૯ વર્ષનો ફેર હતો. મનમાં એક બાજુ આનંદ અને બીજી બાજુએ દ્વિધાઓ થઈ..... હવે મને સમજાયું કે કલ્પના વારંવાર ઝવેરચંદ મેઘાણીની એ કવિતા કેમ ગવરાવતી હતી:

"એ લાડકડાની પ્રતિમાનાં, છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ, અહર્નિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાંતે રડતી, વિજોગણ હશે કો' દિનો ગણતી!"

તે રાત્રે હું ઓટલા પર ઉંઘી ના શક્યો, કે, બીજે દિવસે સવારે પ્રભાતફેરીમાંય ના જઈ શકયો.

મ્હારી ઈતર પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઈ હતી અને અંદરથી હું બ્હીતો પણ હતો, તેથી કલ્પનાને જોવાનું, એકાંતમાં મળવાનું ઘટાડતો જતો હતો.... પણ, બીજા દિવસે રાત્રે સાડાઅગિયાર વાગે, તે મ્હારા રૂમમાં આવી. હું પત્રો લખતો હતો, તે સ્હામે આવીને ચૂપચાપ બેસી ગઈ.

મેં એને કહ્યું: "તને ખબર છે, રાતના સાડાઅગિયાર થયા છે?"

“હા, પણ દિવસે તો તું મળતો નથી, અને તને જોયા વિના મ્હને ચેન નથી પડતું. વળી, જયુબહેનનાં લગ્ન મુંબાઈમાં લેવાવાનાં છે, તેથી દિવસે પણ કામ ઘણું પહોંચે છે. ત્હારે લગ્નમાં મુંબઈ આવવાનું છે, તેથી ખાસ કહેવા આવી છું. બ્હાનાં કાઢીને છટકી નથી જવાનું !”

મુંબઈ લગ્ન છે ? તો, ત્યાંતો ઉમાકાન્ત પણ હશે ! તેની સાથે વાતો કરવી પડશે...અને કલ્પના સાથે તે શુંય કરશે ? જેવાં કેટલાંયે દુ:ખો શરીરનાં ગાત્રોને થીજવી દેતાં. ઉંઘમાં કલ્પનાને ઉમાકાન્તના પગે પડતી અને તેનાથી પીછો છોડાવવા વિનંતિ કરતી દેખાતી. ક્યારેક ચંપાના વૃક્ષનો પેલો કાળો નાગ ઉમાકાન્તનું સ્વરૂપ લઈ કલ્પનાને ડંખવા દોડતો દેખાતો, તો ક્યારેક ઝાડ પરથી પડી જઈ બન્ને જણાં મરી ગયાનાં કુસ્વપ્નો પણ આવતાં...હું કાંઈ બોલ્યોનહીં, તેથી તેને હકારાત્મક જવાબ માનીને કલ્પના જતી રહી.

સ્હવારની પ્રભાતફેરી બંધ થઈ પણ જયાકુમારી અને કલ્પના સાથે સાંજના ૬ થી ૯ ના સમયમાં ફિલ્મો જોવાનું શરૂ થયું ! સોહિની-મહીવાલ ફિલ્મનું એક ગીત “તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા”...જ્યારે હું એકલો હોઉં ત્યારે તે નટીની અદામાં મ્હારી સ્હામે જોઈને ગાતી રહેતી...હું સહેમી જતો પણ પાછું મનમાં થતું પણ ખરૂ : “હે પ્રભુ, આ નટખટ નારને બીજે દ્વારે કેમ મોકલી ?...પણ, એ તો ડૉકટર થવાનો અને મારૂં તો કોલેજમાં ભણવાનુંય થશે કે કેમ, તે પણ ખબર નથી !”

તે દિવસે ઘરમાં કોઈ હતું નહીં અને તે સુંદર રીતે સજી ધજીને આવી કહે : “અપૂર્વ, મેં બે વર્ષ થી ત્હને ‘લવ-ગેમ’ આપી છે, તેનો જવાબ કેમ આપતો નથી ?” મેં કહ્યું : “તું વિવાહિતા....તેથી વિચાર આવે, તો પણ ન શોભે.”

કલ્પના કહે : “પ્રેમ તો થઈ જાય : કરાય નહીં” મેં કહ્યું : “હા, હું પણ એજ કહું છું, પણ, વણસ્પર્શ્યો પ્રેમ કરવાનો.”

કલ્પના ડોકું ધૂણાવી કહે : “હું તો રાધા છું. તારા પ્રેમની પૂરી દીવાની છું !
તૂ પ્યાર કરે યા ઠૂકરાયે, હમ તો હૈં તેરે દીવાનોંમેં,
ચાહે તૂ હમેં અપના ન સકે, પર ના સમજ, બેગાનોંમેં !”

કલ્પનાની દીવાનગી પર હું વારી જતો હતો ; પણ અંદર અંદર થતું : આ બધું ખોટું છે. આ શકયજ નથી. તેણી સાઠોદરા નાગર અને હું દશાનાગર વણિક !... આ સ્થિતિ લગ્ન-સંબંધ સુધી ના પહોંચે, તેવો સરસ્વતી નદીનો રેલો છે.

* * * * * * * * * * * *

પૌત્રનું લગ્ન અંતિમ ચરણે હતું. નવનીત આવીને પગે લાગ્યો. તે કહેતો : “મારા જન્મ પછી મા બહુજ રડતાં હતાં.... અને ધીમે ધીમે ડિપ્રેશનમાં જતાં રહ્યાં હતાં. મારા પિતાજીનો તેમના પ્રત્યેનો વર્તાવ અજાગતો હતો. તેઓ નવાં મા સાથે વધુ રહેતા....પણ, મ્હારાં મા તમને દિવસમાં બે ચાર વાર યાદ ના કરે અને અહોભાવથી ગદ્‌ગદ્‌ ના થાય તેવું ના બનતું. બાપુજીની ના હતી તેથી તે આવ્યાં નથી...પણ ઘર-પ્રસંગના આનંદથી પ્રસન્ન છે. નવદંપતિને આશિષ કહ્યા છે.” મેં તેમની તબિયત હવે કેમ રહે છે, તેમ

પૂછયું ત્યારે કહે : ‘‘ખાવાનું ઘણું ઘટી ગયું છે, કૃશતા છે-પણ હવે કોઈ વલોપાત નથી.’’ મેં કહ્યું : ‘‘જમીને જજે.’’

કન્યાવિદાયનો પ્રસંગ ચાલતો હતો ત્યારે મને જયાકુમારી નાં લગ્નમાં મુબઈમાં લખેલું ગીત યાદ આવતું હતું. નાગરી ન્યાતમાં કન્યા-વિદાયનો કરૂણ પ્રસંગ હોય છે. વિદાય લેતી કન્યાના હાથમાં પાન સોપારી અપાતાં જાય અને કન્યાનાં ડૂસકાં વધતાં જાય...ત્યારે મોહનભાઈએ કહ્યું : ‘‘હવે આ અપૂર્વ કન્યા-વિદાયનું સ્વરચિત ગીત ગાવાનો છે, તે બધાં શાંતિથી સાંભળે, પછી કન્યાવિદાય’’... તેમનેય ડૂસકું આવી ગયું...અને મેં હળવેથી ગીત શરૂ કર્યુ :

**બહેની ને**

મ્હારી સાસરે જાને બહેન,
આંખે અટકાવી અશ્રુવહેણ.

સાસરે જાતાં શોકજ શાનો ? દીલમાં દર્દ કાં થાય ?
પ્રયાણ કરતાં પાયજ ત્હારાં, શાને લથડિયાં ખાય ?........મ્હારી.

હૈયારે માંહી હોંશજ રાખી, કરને બ્હેની પ્રયાણ,
દીલડામાંહી ભીતિ ન રાખ તો, થાશે તુજ કલ્યાણ. ........મ્હારી.

સાસરે જઇને સાસુની બહેની, કરજે સેવા સદાય,
માતાસમ માની પૂજજે ત્હેને, ભલું તહારૂં થાય. ............મ્હારી.

સસરા ત્હારા પિતા સમાન, માનીને દેજે માન,
અંતર તેનું હરખે તો દેશે, આશિષ સબહુમાન. .............મ્હારી.

વાણી અમૃતે ભીંજવી દેજે, નણદલ અંતર બ્હેન,
રાજી રહેશે જો તે સદા તો, મળશે તુજને ચેન. ..............મ્હારી.

માતા-પિતાની ગોદમાં બ્હેની, ખેલ્યા તેં ખેલ અનેક,
ભૂલી જાજે તે સર્વેરે બ્હેની, શિશુ-સ્મરણ દરેક. ..............મ્હારી.

જીવન-આકાશે પતિરાજ ખેલે, ખેલજે ત્હેની સંગ,
સદ્ગુણ-દીપે જીવન પ્રજાળી, ઉજાળ જીવન-પંથ.

* * * * * * * * * * * *

શોભા સમજી તો ગઈજ હતી કે સરગમબહેન ના મૃત્યુના સમાચારે હું લગ્ન પ્રસંગ માણી શકતો નથી...પણ ૫૪ વર્ષના સહવાસે આવી ક્ષણોમાં તે મ્હને બહુ ટકોરતી નહીં... જાણતી જ કે થોડા કલાકોમાં પાછું બધું થાળે પડી જશે.

* * * * * * * * * * * *

૧૦મી જૂન ૧૯૩૯ ના રોજ, મેટ્રીક પાસ થયા પછી, આગળનો અભ્યાસ કરવા મુંબઈ જવાનું નક્કી થયું...ગુજરાત મેલ રાત્રે ૧૦ વાગે ઉપડે પણ ઘરેથી નીકળવાનું શુભ મુહૂર્ત બપોરે ૩ વાગ્યા પછી સારૂં ન હતું, તેથી “પસ્તાનું” (પ્રસ્થાન !) કરવાનું યોજાયું...એટલે સ્વગૃહેથી નીકળી નજીકના ઘરે રહેવાનું... તેથી પેટી અને બિસ્તરો લઈ બહાર નીકળ્યા અને કલ્પનાના ઘરેજ મૂકાયા...બાપુજી અને તારાબા દ્રવિત હતાં. દીકરો પહેલીજ વાર દેશાવર જતો હતો, તેથી દૂર્ગાકાકી મ્હારા ઘરે હતાં...ઘરમાં બીજું કોઈ હતું નહીં...ત્યારે કલ્પનાએ સોળ શણગાર સજીને, ચોકમાંના હીંચકા પર હું સાંભળી શકું, તેવા અવાજે ગાવાનું શરૂ કર્યું :

વસમી એક વિદાય,
વહાલમની વસમી એક વિદાય !
પ્રેમ અને પરિચય વધતો તો,
વિરહ સહ્યો નવ જાય
વહાલમનો વિરહ સહ્યો નવ જાય !

...અને પાછળ એક ડૂસકું નંખાઈ ગયું...ડૂસકાં પછી રૂદનમાં ફેરવાયાં તેથી હું ખચકાતો ખચકાતો ત્હેની રૂમમાં ગયો – ‘કેમ, શું થયું ?’ તેમ પૂછું ત્યાં તો તે એકદમ ખડખડ હસી પડી ! મને કહે : “અપૂર્વ, મ્હારી આંખમાં આંસુ છે તેથી અરીસામાં ઝાંખું દેખાય છે...મ્હને મારી સેંથીમાં સિંદૂર ભરી દઈશ ?”

હું આભો જ બની ગયો !

તે સોળની અને હું અઢારનો...આ ક્રિયાનો અર્થ ના સમજે તેવું બાઘું તો કોઈજ નહોતું...તે મ્હારી સ્હામે અનિમિષ નયને જોઈ રહી હતી.

થોડીવાર મેં અસમંજસ માં ગાળી. પછી ધીમે તેની સેંથીમાં સિંદૂર પૂર્યું. મ્હારા હાથ કંપતા હતા, તેથી સિંદૂર તેના વાળમાંથી મારાં કપડાં પર પણ ઢોળાયું.

પણ તે ખૂબજ ખુશ થઈ ગઈ !

મ્હારા ગાલ અને હોઠ પર વ્હાલથી ચૂમીઓ ભરી અને મેં પણ તેના મનોભાવોને સહજ બનાવતા પ્રતિભાવો આપ્યા. તેનો આંનદ સૂચવતોહતો કે 'આજે તે મનથી મ્હને વરી છે !'...તેને ઉમાકાન્ત દીઠોયે ગમતો ન હતો....

રાત્રે મુંબઈ તરફ ટ્રેન વધી રહી હતી અને એની અનિમિષ આંખોનું ઈજન મ્હને ભીંજવી રહ્યું હતું...સરગમબહેન આ 'દીવાની' ની દાસ્તાન સમજી ચૂક્યાં હતાં....

* * * * * * * * * * * *

અમદાવાદમાં ના પૌત્રનાં લગ્ન પતી ચૂકયાં હતાં. ઘરે જઈને ફરીથી "નિવૃત્તિ નિવાસ' પર ફોન લગાડયો...મીના મૅડમ હતાં. થોડોક ખરખરો કરી મનને હળવું કર્યું...પણ રાત્રે સૂતી વખતે ફરી વિચારતંતુ એ સાથે ન છોડયો...

* * * * * * * * * * * *

મુંબઈનો અભ્યાસ પતાવી, વર્ષાન્તે હું, પાછો અમદાવાદ આવ્યો ત્યારે કલ્પના પરિવારની બદલી સૂરત થઈ ગઈ હતી!.. અને બહુ ટૂંકા સમયમાં તેનાં લગ્ન ઉમાકાન્ત સાથે થઈ ગયાં હતાં...કોઈ સંપર્ક-સૂત્ર હતાં નહીં! દૂર્ગાકાકી કે મોહનભાઈ કોઈનાયે તરફથી કોઈપણ પત્રનો ઠંડો પ્રતિભાવજ આવતો...

પહેલી-પ્રીત દરેકની મૃત્યુ પામતી હોય છે... મ્હારી પહેલી-પ્રીત પણ મરણ પામી...એક દિવસ પૂરો થયો, બીજા દિવસની સ્હવાર થઈ.

વળી પાછું, મ્હારે આગળ કૉલેજ ભણતર સારૂ પૂના જવાનું થયું...મ્હારી ધારણા હતી કે કલ્પના તેના ઘરે સુખી હશે. સરગમબહેનનો તે અંગેનો પ્રશ્ન, અહીં મસ્તકને ઝણઝણાવી ગયો...શું તે સુખી હતી? એક સારાં મનોચિકિત્સકની અદાથી તેઓ સમજી ચૂકયાં હતાં, 'પ્રેમ જવર ખુબ પ્રદિપ્ત હોય : જેમ ઝાંઝર છૂપ્યું છૂપાય ના, તેમજ...કશુંક કલ્પનાની જિંદગીમાં બન્યું હોયજ...'

૧૯૪૧ માં મ્હારાં લગ્ન થઈ ગયાં, શોભા સાથે. ૧૯૪૩ માં આકાશનો જન્મ થયો, ત્યારે શોભા પિયેર હતી, અને મોહનભાઈ નો પત્ર આવ્યો :

"મુ. ચંદુભાઈ, અપૂર્વ :

સૂરતથી ડૉ. મોહનભાઈનાં જય શ્રી કૃષ્ણ.

ખાસ તાકીદ એટલા માટે છે કે કલ્પનાને સાતમો મહિનો જાય છે.

પણ, તેને ખૂબજ ફીટો આવે છે. આખા રૂમમાં દસથી પંદર ફીટ સુધી પછડાટો ખાય છે. દીવાનખંડમાં ૨૫ ભાડે લાવેલાં ગાદલાં પાથર્યાં છે...અને અપૂર્વને ખુબ યાદ કરે છે. તો આપ બન્ને તાબડતોબ આવી

જશો ?  ઉપરવાળાની મહેર હશે તો બન્ને જીવોનું જોખમ ટાળવામાં આપ મદદરૂપ થશો.  આપ લોકો આવશો તો અમે બહુજ ઉપકૃત થઈશું.

ડૉ. મોહનલાલ.”

પોષ્ટકાર્ડ મળતાંની સાથેજ અમે સૂરત જવાની ગાડી પકડી, અને રાત્રે ત્યાં પહોંચી ગયા. દૂર્ગાકાકી કલ્પનાને પકડીને બેઠાં હતાં.  મોહનભાઈ એકદમ ગદ્‌ગદ્ થઈ ગયા. કલ્પના જાણે ઊંડી ઉંઘમાંથી ઊઠી હોય તેમ બેઠી હતી.

મ્હને જોઈને તરત બોલી: ‘અપૂર્વ…અપૂર્વ…’ અને છૂટા મોંઢે તે રડી પડી. મોહનલાલે તેને પાણી આપતાં કહ્યું: “ચંદુભાઈ, મ્હારે એક અગત્યની વાત તમને કહેવી છે. મ્હારી સાથે બહારના અંડમાં આવશો ? દૂર્ગા, તું પણ ચાલ તો !” મોહનભાઈએ બાપુજીને બહાર બોલાવી એટલુંજ કહ્યું: “કલ્પના મ્હારી જીદને કારણે શયતાનને ઘરે મંડાઈ છે. ઉમાકાન્ત મરાઠી બાઈ સાથે ઘરમાં રહે છે, અને થાય તેટલા જુલ્મ કલ્પના પર કરે છે.  બાળવિવાહ તોડવાની હિંમત ના ચાલી અને આ દિવસ આવી પડયો છે, જ્યાં બન્ને જીવો ખૂબ જોખમમાં છે.” દૂર્ગાકાકીએ રડમસ અવાજે કહ્યું: “અપૂર્વ સાથે તેનું મન મળ્યું છે, તેથી એ એના મનનો ભાર ઠારે એવી આશાથી તમને દોડાવ્યા છે.”

રૂમમાં કલ્પનાએ મને તેની પાસે બોલાવ્યો, અને કહે : “અપૂર્વ, હવે આ દર્દ સહેવાતું નથી…મરી જવું છે, પણ આ પેટમાં છે, તેથી મરાતું પણ નથી.”

“પણ શું થયું, તે તો કહે.”

“કહેવાનું શું ? તને તો બધીજ ખબર છે. મારે તો ઉમાકાન્તનું ઘર માંડવુંજ ન હતું…પેલી મારી શોક્ય સાથે હું કેમ કરીને રહું ?... ઘણો વિરોધ કર્યો પણ એક દિવસ તે મ્હારા પર બળાત્કાર કરી ગયો અને દહાડા રહ્યા !..મનમાં ખૂબજ વિદ્રોહ છતાં તે પરિસ્થિતિમાં કોઈજ સુધારો ના આવ્યો.”

અચાનક તેણે તેનાં ઉપવસ્ત્રો કાઢી નાંખ્યાં…અને બિલકૂલ નિરાવરણ બની, મ્હારી સામે ફરીને કહે : “જો ! એ શયતાનનો ત્રાસ !” તેની છાતીમાં નહીં નહીં તો અગિયારથી બાર તો સિગારેટનાં ડામનાં ચકામાં હતાં ! કેટલાક તો પાકીને ફદફદી પણ ગયાં હતાં !... “મ્હારી શોકયની હાજરીમાંજ મારી તથા એની સાથે પણ સહશયન કરે…જંગલી !...પેલું કહે છે ને કે વાડ જ ચીભડાં ગળે તો કોને કહેવું ? છેલ્લાં ૩ -૩।। વર્ષથી આવું ચાલે છે…મ્હારે તો મરીજ જવું છે પણ હવે તે શકય નથી…આવી ગંદી અને ખૂબજ ઘૃણાજન્ય પરિસ્થિતિમાંથી હું પસાર થાઉં છું…માબાપ તો ‘ભાગ્ય’ કહીને છૂટી ગયાં છે.  અપૂર્વ, હું શું કરૂં ?” કહીને નાના બચ્ચાની જેમ કયાંય સુધી હીબકાં ભરતી રહી.

હું તેના બરડે પંપાળતો રહ્યો…અને એની આંખોનાં આસું લૂછતો ગયો…મારૂં હૈયું પણ આક્રંદ કરી રહ્યું હતું. ત્રણે વડીલો અમારાં રૂદનને જોતાં અને આખું ઘર હીબકે ચઢયું હતું

કલાકેકના રૂદન પછી, તે થોડી શાન્ત પડી… "મને ફીટસ આવે છે કારણ મ્હારાં મન અને આત્મા બળવો કરે છે. હું મનથી તો તને વરી ચૂકી હતી, પણ મારૂં તન સમાજનાં અનેક બંધનોથી પીડાતું હતું. ઘણીયે વાર લગ્ન તોડીને ત્હારી પાસે આવવા મથતી હતી…પણ, તું અભ્યાસ પછી તારા જીવનમાં વ્યસ્ત થઈ ગયો…મારા મને બળવો શરૂ કર્યો… જીભે તેમાં ઘી હોમ્યું, અને ઉમાકાન્તને મારા ઉપર જૂલમ કરવાનું, શંકા કરવાનું એક નવું નામ મળી ગયું, પરિબળ મળી ગયું. એ કરે તે લીલા…અને મેં કર્યું તે પાપ ?"

"પણ, તેં ક્યાં કશું કર્યુંજ હતું ?"

થોડીક ક્ષણોના મૌન પછી અચાનક ફરી મોટી ફીટ આવી…મોહનભાઈ અને દૂર્ગાકાકી ઝાલે છતાંય ન શમે તેટલી મોટી ફીટ…અને તે બેભાન થઈ ગઈ…આ તાણ સાતમા મહિને બન્ને જીવોને ખતમ કરી શકે…તાણ દરમિયાન પણ, તે પેલી ન્હાની,ડરતી,ગભરૂ બાળાની જ્યમ મ્હારો હાથ છોડવા નહોતી માંગતી.

મોડી રાત્રે ભાનમાં આવી ત્યારે મને તીવ્રતમ રીતે પકડીને તેની બાથમાં ભીંસી દીધો. "મ્હારા અપૂર્વ ! મ્હારા અપૂર્વ !" કહી મારા મોં ને, શરીરને અને માથાને તેના વહાલથી ભરી દીધો…વડીલોની હાજરીમાં હું પરિણિત વ્યકિત આ ભયંકર અને ભિષણ અગ્નિ પરીક્ષામાંથી પસાર થઈ રહ્યો હતો….કલાક સુધી તેણે તેના વર્તનને બેકાબુ રાખ્યું…પછી ખૂબજ ધ્રૂસકે ને ધ્રુસકે રડતી રડતી પાછી સૂઈ ગઈ.

એ દીવાની ખરેખર ઝનૂની બની ગાંડપણે ચઢી હતી. તેમાં કદાચ ઉમાકાન્ત પ્રત્યેનો, દાંપત્યજીવન-ભંગ નો રોષ હતો, કાં બદલાની ભાવના… સાત મહિનાનો ગર્ભ પેટમાં અને શારીરિક ભૂખનું નિરાકરણ, આવી વિષમ રીતે મ્હારે કરવાનું થયું, તેથી બધાજ આર્દ્ર હતાં… 'મ્હને અંદર અંદર મ્હારી મિત્રને તેના માઠા સમયે હુંફ આપી, ડિપ્રેશનમાંથી બહાર કાઢવામાં મદદ કરી' વાળી વાત હતી, પણ….આંતરમન તો શોભાનો ગુનેગાર થઈ ગયાની અનુભૂતિ જ કરતું હતું.

* * * * * * * * * * * *

શોભા તો કદિયે કોઈ ફરિયાદનો મને મોકોજ નહોતી આપતી . પણ આ ઘટના મ્હારા લગ્ન જીવન ને છિન્ન ભિન્ન પણ કરી શકે !… સ્હવારે એ શાન્ત થઈ. મ્હારા ખોળામાં માથું નાંખીને અને મ્હારો હાથ પકડીને ઉંઘી ગઈ.

દૂર્ગાકાકી અને મોહનભાઈ અમે બન્ને બાપ દીકરાનાં બહુજ ઋણી થયાં હોવાનો અણસાર આપતાં હતાં... આપ્યા કરતાં હતાં.

'સૂરત' માં તે રાત્રે શું બન્યું, તે ત્યાંજ દફનાવી દેવાનું ત્રણેય વડીલોએ નક્કી કર્યું અને મ્હને પણ શોભાને ન જણાવવાની તાકીદ કરી...

પંદર દિવસ પછી, ખૂબજ નાનો, મોહનભાઈનો પત્ર આવ્યો... "ચમત્કારિક રીતે કલ્પના ડિપ્રેશનમાંથી પાછી વળી છે. ફીટ કે તાણ સમૂળાં બંધ થઈ ગયેલ છે."

* * * * * * * * * * * *

સરગમબહેને આ રહસ્યને સહજ રીતે અપૂર્વના મનમાંથી હલકું કર્યું હતું. શોભાને વાતથી આંચકો તો લાગ્યો હતો, પણ, ખબર પડી કે, 'આ તો માનસિક સારવારનો એક ભાગ હતો' પછી તેનું એકદમ સહજ બની જવું, તે સૌના હિતમાં હતું.

"જિંદગી જે આપે તુજને, તેજ તું જો લઈ શકે,

સુધારવા, શણગારવા સારૂ કશુંક જો ગ્રહી શકે,

બીજાં ત્હને સમજે નહીં, એ તું સરાસર જાણજે,

તો યે છતાં તું વર્તજે, જે તાહરે કરવું ઘટે"

સરગમબહેનની શ્રધ્ધાંજલિમાં આ સંદેશ આપી, અપૂર્વ દેસાઈ એ ફોન ડિસકનેકટ કર્યો.

* * * * * * * * * * * *

જૂન જુલાઈ : ૨૦૦૫ અંબુભાઈ દેસાઈ
હ્યુસ્ટન

------- x ------